૨૪
Opera

# જયરાજ

પ્રકાશક:- છોટાલાલ મૂલચંદ
મુંબઈ ગુજરાતી નાટક મંડળી
ઈ.સ. ૧૯૨૮

(૩૧)

# જયરાજ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

છોટાલાલ મૂલચંદ,

મુંબઇ ગુજરાતી નાટક મંડળીના માલેક.

સર્વ હક સ્વાધીન છે.

મુંબઈ:

આવૃત્તિ ૬ ઠ્ઠી. પ્રત ૨૦૦૦

સને ૧૯૧૮ સંવત્ ૧૯૭૪

[ધી શમશેર પ્રિન્ટિંગ પ્રેસમાં

શમશુદીન એન્ડ અબ્દુલરસુલ એઓએ

છાપી છે

૨૨૫, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, બંગડી બજાર]

કીંમત રૂ. ૦-૩-૦

# નાટકના પાત્રો

## પુરૂષો.

જયરાજ
બુધો
માલવરાય.........................આંધળો રાજા
સુમનરાય.......................જયરાજનો મીત્ર
રણમલ.........................જયરાજનો બનેવી
બ્રાહ્મણપુત્ર

---

## સ્ત્રીઓ.

માલિની........................માલવરાયની પુત્રી
વિજુબા.....................જયરાજની પહેલી સ્ત્રી
મોતી.............................જયરાજની બ્હેન
રાણી.................................(સુમનરાયની)
લક્ષ્મી..................વિજુબાની નાની બ્હેન
પદમા.............................એક રાજકુમારી
ચંપા..................................ધુતારાની છોકરી

ભટ્ટ ભટ્ટાણી અને તેમનાં છોકરાં, પદમાનો બાપ, મારા સીપાઇઓ, દરબારીઓ, વારાંગનાઓ, જમાદાર, કોટવાલ વગેરે, વગેરે.

---

# જયરાજ.

## નાટકની સમજ

### અંક ૧ લો

૧. માલવરાયને મંદવાડમાંથી આંખે દેખાતું બંધ થવાથી, તેની પુત્રી માલીનીએ પિતા સાથે જાહેરમાં રાજ્યભાર ઉપાડવા હઠ લીધી. પુત્રીનુ મન ન દુભવવા રાજાએ તે કબુલ કરી અને પ્રધાનને માલિનીને તૈયાર કરી તેડી લાવવા મોકલે છે. દરમીઆન એક ગરીબ બ્રાહ્મણનો છોકરો તેની માએ આપેલો એક છંદ વેચવા રાજસભામાં આવે છે. તે સર્વની ચતુરાઇ જુએ છે. પણ જયરાજ સિવાય એની વાત કોઇ નથી સમજી શકતું, તેથી તે ખુશી થઇ તેનો છંદ ખરીદે છે. પણ એ રાજાનું અપમાન થયું એમ ગણી તેને હદપાર થવાનો હુકમ થાય છે જયરાજ ગયા પછી માલિની આવે છે, જે બ્રાહ્મણ પુત્રની વાત સમજી શકે છે, અને ચતુર જયરાજને થએલી સજા માટે તેને ખેદ થાય છે જયરાજ ત્યારથી તેના મનમાં વસે છે.

૨. મોંઘાં મુલે ખરીદેલા છંદમાની બાબતોની પરીક્ષા લેવાનો નિશ્ચય કરી જયરાજ પોતાની સ્ત્રી વિજુબાને પીહેર મોકલે છે. પોતે પ્રથમ બ્હેનના ગામ તરફ જાય છે.

૩.- રસ્તામાંજ તેને છંદમાં લખેલના નમુનાનોજ એક બુધો નામનો બુરો માણસ મળે છે. જેને તે પોતાની બુરાઇ છોડે કે નહી તે જોવા જયરાજ પોતાની સાથે લે છે.

૪. પતીએલનું રૂપ લઇ ભાઇ બ્હેનને મળે છે. નિર્ધન રોગી ભાઇનો તિરસ્કાર કરી બ્હેન "પ્યારી બ્હેન પૈસો હોય ત્યાં સુધીજ ક્હાય છે" એ તુકની સચ્ચાઇ સાબીત કરે છે. બુધો જયરાજની ચોરી કરવાની તજવીજ કરે છે.

૫. બીજી પરીક્ષા મિત્રની લેવા જયરાજ મિત્ર સુમનરાય પાસે જઇ તેનું રાજ માગે છે. અતિ ઉદાર મિત્ર તે આપી દે છે ગાદીએ બેસી જયરાજ મિત્રની કસોટી કરવા તેને મારી નાખવાનો હુકમ કરે છે. બુધાને તે કામ સોંપવામાં આવે છે.

૬. મરવા પહેલાં રાજા રાણીને મળવા આવે છે. હરબારીઓ પેઠે રાણી પણ ઘણું સમજાવે છે પણ રાજા મીત્રનો હુકમ ઉલ્લંઘતો નથી. બુધો દગાખોર બની રાજાને છોડી દેવાનું કહે છે. એટલામાં જયરાજ આવતાં વળી બદલી જાય છે. જયરાજ અહીંથી છાનો ન્હાસી જાય છે. અને આ બધું ફકત પરીક્ષા લેવાજ કરયું હતું એમ લખતો જાય છે અને બુધાને સાથે લેતો જાય છે. સુમનરાય અને રાણી આશ્ચર્ય પામી યાત્રાને મિશે તેને ગોતવા નીકળે છે.

## અંક ૨ જો.

૧. હવે સ્ત્રીની પરીક્ષા જોવા સાસરામાં જયરાજ સીપાઇ બની રહ્યો છે. વિજુબા કોટવાલ સાથે ચાલે છે. એ જાણતાં છંદમાંની સ્ત્રી સંબંધી કડીની ખાતરી થવા સાથે મનમાં બહુ વેદના થાય છે. બુધો જયરાજવાળી સીપાઇની નોકરી મેળવવા તેને તેની સ્ત્રી પાસે ઉઘાડો પાડે છે ઉશ્કેરાયલી વિજુ મારાઓ પાસે ધણીને પકડાવી મારી નાખવા મોકલાવી દેછે.

૨ જંગલમાં મારાઓને ધર્મની સમજ અને લાલચ આપી જયરાજ બચે છે.

૩. રાતે જયરાજ આવી જાડીયા સીપાઈ અને બુધાને કેફવાલી મીઠાઇ ખવરાવે છે. પછી સીપાઇના કપડાં કાઢી લઇ પોતે પહેરે છે અને વિજુ સાથે જાય છે. બુધો ચોરી કરવા ઘરમાં પેસવા માટે જાળી તોડે છે. પણ સીપાઇ જાગી જતાં તેને જખમી કરી તે ચોરી કરી ન્હાસી જાય છે.

૪. લક્ષ્મી મ્હોટી બ્હેનને એ પાપી કામથી પાછી ફરવા શીખામણ આપે છે. વિજુ તેને મારવા જતાં પડી જવાથી પોતેજ મરે છે. તકરાર દરમીઆન લક્ષ્મી જયરાજને પરણવા પ્રતિજ્ઞા લે છે

૫. ન્હાસતો બુધો જયરાજને મળે છે. જયરાજ તેને પાછળ પડેલા સીપાઇઓથી બચાવ કરી હવે બુરાઈ છોડવા શીખામણ આપી ફરી સાથે લે છે.

૬. ભુખે મરતો ભક્ત પોતાના કુટુંબ સાથે વૈદનો ડોળ ઘાલી બેસે છે; પણ રાજકુમારી પદમાને સાજી કરવા માટે જે વૈદ મળે તેને પકડવામાં આવતો; તે પ્રમાણે બ્રાહ્મણને પકડે છે. પદમા પાસે જનાર વૈદો બધા મરી જતાં તેથી આખું કુટુંબ કળકળે છે. જયરાજ તેને બદલે પોતે જાય છે.

૭. દુઃખથી મ્હોત માગતી પદમા જયરાજને જુએ છે, જોતા તેના તરફ ખેંચાય છે ખેંચાતાં વધારે પીડાય છે અને અંતે થાકી નિંદ્રાવસ થાય છે. "જાગે * * * તે ન પસતાય છે. એ યાદ રાખી જાગતો જયરાજ પદમાના પેટમાંથી નીકળેલા સર્પને મારી પદમાનો રોગ અને ઝેર ટાળી તેની સાથે પરણે છે અને રાજા બને છે

## અંક ૧ લો

૧. હજી પણ અધુરી રહેલી પરીક્ષા પુરી કરવા બુધા સાથે નીકળેલો જયરાજ ધુતારપુર પાસે આવી પહોંચે છે. બુધાને ધંધાભાઇ તરીકે ઓળખી ધુતારા લાલચ આપી પોતાના પક્ષમાં લે છે અને પછી જયરાજને જમાઇરાજ ઠરાવી ઘેર લઈ જાય છે.

૨. ધુતારાની દીકરી ચંપા તેની વહુ બને છે તેની વિનંતીથી જયરાજ પલંગપર બેસવા જાય છે; પણ છંદમાની "આસન તપાસી બેસે" એ કડી પ્રમાણે પલંગને જરા હડસેલે છે કે તરત તે એક આગથી ભરેલા ખાડાપર જઈ અટકે છે. અને ઉપરની બધી વસ્તુઓ આગમાં બળી ભસ્મ થઇ જાય છે. પોતાની કદાચ એજ દશા થાત, એ વિચારે ઉશ્કેરાઇ ચંપાને મારી નાખવા જાય છે. ચંપાના મનમાં આઘાત થાય છે. તેની પ્રાર્થનાથી જયરાજ તેને બચાવે છે અને એ પાપનું ધામ છોડાવી સાથે લઈ જાય છે.

૩. બુધો જયરાજની આંખમાં સુળા ઘોચી ચંપાને ઉઠાવી જાય છે છંદવાલો બ્રાહ્મણનો છોકરો દવાથી તેની આંખને આરામ કરે છે અને એજ દવા લઈ જઈને માલવરાયને આંજી તેની આંખ સારી કરવા જયરાજને મોકલે છે.

૪. જે કોઇ બાપની આંખ સારી કરે તેને પરણવા માલિનીએ પણ લીધેલું. તે પણ છોડવા રાજા તથા પ્રધાન તેને બહુ સમજાવે છે. પણ તે ટેક છોડતી નથી. જયરાજ આવી રાજાને દેખતો કરે છે અને ત્યાં પ્રસિદ્ધ થઇ રાજપુત્રી તથા રાજગાદી મેળવે છે.

૫. ચંપા પોતાની પરણેલી બાયડી હોવા છતાં જયરાજ નામના એક લુચ્ચા સાથે જવા ઇચ્છે છે. એવી બુધો ખુદ

જયરાજ પાસેજ ફરયાદ કરે છે જયરાજ ઉઘાડો પડતાં ગભરાય છે હનુમે જયરાજ તેને માફ કરે છે. અહીં બ્હેનને ખબર પડતાં ભાઇને પોતાને ત્યાં જમવા બોલાવે છે.

૬. બ્હેન મોતીને ત્યાં મિત્ર સુમનરાય પણ આવેલા છે જયરાજ તેમને આનંદે મળે છે. ભોજનના પાટલાપર ઘરેણાં પધારવી બ્હેન પૈસાનીજ સગી છે એ તેને યાદ આપે છે બ્હેન પસ્તાય છે અહીંથી તે કુંવારી લક્ષ્મીની ટેક જોવા જાય છે.

૭. લક્ષ્મી પીયુની છબી જોઈ જીવન ગાળે છે. જયરાજ એ બાળાને પોતાની રાજધાની તરફ લઈ જાય છે.

૮. બુરો બુધો હજીએ બુરાઈ છોડતો નથી તે માલિનીના મનમાં ઠસાવે છે કે તેનો પતિ તો નીચ જાત છે. દેહ વટલ્યો જાણી માલિની જીવતી બળી મરવા તૈયાર થાય છે.

૯. એ કામથી તેને બધા વારે છે, પણ તે એકની બે થતી નથી જયરાજ લક્ષ્મીને લઇ આવી પહોંચે છે માલિની તેનો તીરસ્કાર કરે છે પણ એટલામાં પ્રધાન કોટવાળ મારફત બુધાને એક જુના મહા અપરાધી દાખલ ઓળખી, તેણે માલિનીને જુઠું કહેલું એ કબુલ કરાવી તેને એજ બળતી ચિતામાં ફેંકી દે છે.

અંતે બુરો બુરાઈ નથી મુકતો પણ બુરાઈના ફળ તો પામેજ છે અને ભલો અને વિદ્યાવિલાસી જયરાજ પણ ખરીદેલા છંદની પરીક્ષા કરવા જતાં અત્યંત સુખ મેળવે છે.

# જયરાજ.

અંક ૧ લો

—:૦:—

સર્વે— ૧

સાયર સમ અચળ રહોરે,
પ્રતાપ આપતણો ભારી,
ફેરે વારી અરીનારી,
પતિની ગતિની સ્મૃતિ ભરી અંતર બિચારી. સા૦
માલવ દેશા ધીશ! શીષ નૃપ અનેક
તવ ચરણ વિષે નામે, પામે નિર્ભય પ્રસાદ,
અદ્દભુત શક્તિ તમારી,
ઇંદ્રતણો પણ દીધો ગર્વજ ઉતારી. સા૦

બ્રાહ્મણ પુત્ર— ૨

આશા સઘળી પૂરે, સંતતિ સરખી ગણી સમગ્ર પ્રજા
ફરકો અવિચળ એવા ભૂપતિની વિશ્વમાંહી વિજયધ્વજા

વારાંગનાઓ— ૩

સાંવરીયા મોરા પ્યારારે, ના જાઇએ પરદેશ.
કાંનોમે કુંડલ ગલે બીચ સહેલી,
લેઉં જોગનકા બેસ, સાંવરીયા૦

જયરાજ— ૪

નારી પાસે સારી, પતી વિરહે નઠારી બને,
પ્યારી બ્હેન પૈસો ત્યાં સુધીજ ન્હાય છે;
મિત્ર ખરો મિત્ર સાટે તન ધન ઓવારી નાખે.
જાગે ને જગત જુએ તે ન પસ્તાય છે;
આસન તપાસી બેસે દગાથી ન ડગે તેહ,

પાત્રે દાન આપ્યે ફળ સહુઆખા પમાય છે;
જન્મનો સ્વભાવ ન ભુસાય કદી; કરે સદા
ભલા તે ભલાઈ, બુરાથી બુરાઇ થાય છે.

વિજુબા— ૫

અલબેલા વસંત વધાઈ લાલા!

જયરાજ—વૃક્ષ વેલીમાં પેલી છુપાઇ, વ્હાલાં. અલ૦

વિજુબા—ફાગ ફગર ફુલેલે ફુલાઇ લાલા!
અંગ અનંગે મસ મુસકાઈ લાલા!

જયરાજ—રંગ તરંગ બહાય છલકાઈ વ્હાલાં.

બુધો— ૬

બુરી આ દુનિયાં બુરી છે,
કપટ ઝપટમાં પુરી છે,
અરથ ગરથમાં શુરી છે,
ચાલો કોઇ બુરા બનો હાજીહા!! જીહા!
ડાહ્યા દરબાર હજુરી છે,
સત્તાની મગજમાં છુરી છે,
ગળા રહેંસવામાં બહાદુરી છે. ચાલો૦
વડા સંત સાધુ ને સુરી છે,
પેટમાં તો આવડી છુરી છે,
બુરાઈ એની શું અધુરી છે. ચાલો૦

પનિહારીઓ— ૭

ચાલોને સહિયર હસતાં રમતાં, જળ ભરવાને જઇએરે
શીતળ નિરમળ નીર નદીના ઝીળે ઝીલી સુખી થઇએરે ચાલો ૧

**સાખી**

તટ તરૂવર ઝુકી રહ્યું ડાળખી ઝોલા ખાય,
તેપર પંખી જોડલું, ચાંચ ભરીને ન્હાય;
પ્રેમે મસ્ત બનીને રમતું, તેને વધામણાં દઇએ રે, ચાલો

**સાખી**

આછી લ્હેરો પવનની, આછા નદીતરંગ,
આછા વસ્ત્ર સખીતણાં, આછું જોબન અંગ
આછાં રહ્યાં સ્મિત છાઇ મુખે,
સખી તેને વધામણાં દઇએ રે.

વારાંગનાઓ—— ૮

ઝુમ ઝુમ નીંદીયાં આઇરે; પિયા ! ઝુમ૦
જાગો જાગો ભોર ભઈ જહાં રેન ગંવાઇ પિયા ! ઝુમ૦
ઈતની ધીટાઇ કાહે? બિનતિ કરતહું
અયસી ચતરાઇ! અબ ના કીયો સઈયાં;
મોરે જીયાશે બુરાઈ! ઝુમ૦

જયરાજ—— ૯

છે એક પ્યારો મિત્ર મારો;
દેહ જુદા પણ જીવ એક અંતર જરી નહી ધારો.
લાગી પ્રીત બાળપણમાંથી,
રાય રંકનું જ્ઞાન નહોતું, વાધી પ્રીત ત્યાંથી;
ભેદનો હતો ન અણુસારો. દેહ૦
પછી સ્નેહી છુટા પડીયા,
કાળતણાં ચક્રે બેના રસ્તા જુદા ઘડીયા;
એક નૃપ બીજો ભટકનારો. દેહ૦
રાય તો ભુલી ગયો પેલો,
ગરીબ બિચારો એ દુ:ખે બની ગયો અર્ધ ઘેલો;
ન્યાય દિલ રાજા વિચારો દેહ૦

વારાંગનાઓ— ૧૦

ગાઓ ગાઓ ગાઓ ગુણ સહુ,
આવા શુભ અવસરમહીં આવો સખી. ગાઓ૦
આવ્યાં અંતર તણા મિત્ર ફરી, ઝરી
અભી ભરી સુરસરી
અમો પરે આજ ગજ સહુ; આનંદભર
હયો વધાવો આવો.

સર્વે— ૧૧

કરો ના સાહસ આ, ધર્મ વિચારો,
હઠ ન ધરો રાજાજી,
રાજનીતિ ભુલી આમ, વિપત્તિ
ધરો ના ધરો ના ધરો ના
શીરપર આ કરોના.
અર્જ માની અર્જ માની રાજાજી.
નાશની બાજી
ના રમો, જરા વિચારી,
મિત્રધર્મનું આ કર્મ ન્હોયે. કરો૦

સુમનરાય— ૧૨

બસ કરો બંધ બકવાદ.
તોડી નાંખવા શું સમજાવો
મિત્રધર્મ મર્યાદ ? બસ૦
સ્વાર્થ ભરેલી નીત તમારી,
ઉદાર પ્રેમની રીતિ અમારી,
માગું મિત્રપ્રસાદ. બસ૦
ડગે મેરૂ કે અવની ઉલટે,
સુરજ ચંદ્ર કદી ગતિ પલટે,
રાખું ટેક આબાદ

રાણી— ૧૩

હરિ! થયું આ અતિ અવળું
બુદ્ધિમાન કયમ નાથ ગયા ચૂકી?
ભૂરું ફળ્યું ભાવી શું બવળું થયું.
મિત્ર બની લીધું વેર વેરીએ;
ત્રાસ થકી હું તરફડી ટળવળું. થયું.

રાણી— ૧૪

ભોળા મારા રાજાજી, ભોળાઈમાં ભાન ભુલ્યા,
ભૂપતિ ગુમાવી બાજી. ભોળા મારા.
સહુ દુનિયાં છે સ્વાર્થની રાજા ભુલો નહિ ભરમાઇ,
તાકી બીલ્લી રહી ઉંદરપર, તકે તલ્પી લે સાહી,
ખાઈ ખુશી થાય પાજી. ભોળાઈમાં.
સ્વાર્થ વિના સંસારમાં રાજા, સ્નેહ નહી સંધાય;
મિત્ર મિત્ર શું કરો તમે? એ મિત્રજ મારી ખાય;
ખાઈ ખુશી થાય પાજી, ભોળાઈમાં.

સર્વે— ૧૫

ચાલો ચાલોરે જઈએ મિત્રકાજ;
ઉર ઉછળે ભર સ્નેહ આજ, ચાલો.
મન મોહે મોઈ સ્નેહની સત્તા.
જેહ જગત અધિરાજ–રાજ. ચાલો.

——:०:——

—:o:—

સીપાઇ-બુધો— ૧૬

કયાં ભુલા જગ સારા! હર હર! કયાં.
ન માન છુટ પસારા હર હર! કયાં.
કાલ ભુજંગ શરીર ચબાવે, ઘેંડ ચબાવે મનમી,
પલ પલ ઉમર તોટા હોવે, વિષય ન હોવે ન્યારા. હર.
અમૃત છાંડકે બિખકો લેવેસો આતમ હતીઆરા;
પ્રેમ છાંડકો પથરા લેવે, હાસે દાસ કબીરા. હર.

લક્ષ્મી— ૧૭

નકટી શરમાં શરમા ઓ નકટી શરમાં.
વિજુ—જા તું ઘરમાં ઘરમાંરે જા તું ઘરમાં.
લક્ષ્મી—ભૂલી ભરમાં ભરમાં ના ભૂલી ભરમાં.
વિજુ—જાણી મને લેવાઇ જાઉં એવી શું તારા ડરમાં? નકટી
આડી ફર માં ફર માં તુ આડી ફરમાં
લક્ષ્મી—કાળું કર માં કર માં તું કાળું કર માં.
વિજુ—ફોકટ મર માં મર માં તુ ફોકટ મર માં
લક્ષ્મી—આણી અવળી મતિ અંતરમાં,
છાકછકેલી છર માં. નકટી૦

બુધો— ૧૮

હો, આજે થઇ છે પૂરી,
ફતેહ ખુબ ભલાઇતણી.
હયો કુડો ઝટ ફરકાવો.
આ દુનિયાંની ટોચ ભણી. હો૦

ઝડકે કડકે થડકે મુજ મન;
ફડકે તડકે ધડકે દુશમન;
ભલાઈનો લઉં પાઠ લાગુ. હો૦

ભટ્ટ ભટાણી } છોકરા }

૧૯

ભાગી ભીખીને હોજરાં ભરો.
માંગી બીજને હોજરાં ભરો.
કે જરીએ ન ડરો કે શરમે ન ધરો,
રૂડો ધંધો એવો આચરો,
કે છોમ છોમ છનનનનન
આવે પૈસો હરામનો ખરો. ભાગી૦
બધી મ્હેનત મજુરી પરહરો,
પૈસે પારકે દિવાળી ખૂબ કરો,
કે ઠગાતા ફરો કે ધનનો ઝરો,
આવે કાં તો, કાં તો ભૂખે મરો,
કે ભોમ ઓમ બણુણુણુણુણ
મળે અનુભવ ખુબ આકરો. ભાગી૦

છોકરાં—

૨૦

રોગી આવો નિરોગીને ભોગી આવો,
દર્દી સહુ સારાં થાવા હો;
વૈદ આવો આજે આવ્યો મારા જેવો,
દેડો ઝટ લાભ લેવા હો.
મુઆંને જીવતો કરૂં હું ઝટ.
ઝેર ઉતારી દઉં ઝટપટ.
દૂર કરૂં લાગી ઝોડ ઝપટ,
સઉ દુઃખ દર્દીને કરૂં ચપટ. દર્દી સહુ.

છોકરાં—                    ૨૧

જાવા દો માતપિતા, આજ,                    જાવા૦
ભાઈ બ્હેન અમ બન્ને જણને આ પળે          જાવા૦
લોહી અમો બાળકડા કેરૂં,
પીને ડાકણ તૃપ્ત થશે.
બન્ને આપ રહો ક્ષણ એક ન આ સ્થળે.         જાવા૦
માત તાતને બદલે બાળક
આપી શકે નિજ પ્રાણરે,
એવો રૂડો દીવસ ક્યાંથી ફરીથી મળે?         જાવા૦

પદ્મા—                    ૨૨

પ્રાર્થના કરી વિનવુ યમરાયા,
હું અસહાયા
આવી શરણ, લે લઇ ધરી માયા
મારી કંચન સરખી કાયા,
અમૂત છાયા,
મટી, હું થઇ મૃત્યુંજાયા,
મારા પંચપ્રાણ અકળાયા,
તાપે તવાયા,
હવે છોડવ તું યમરાયા,

ને પથ્થમાં—                    ૨૩

મંદ મંદ શીત ઉદાસી પવન વાયે
ચંદ્ર બંધમુક્ત થવા અસ્તાચળે જાયે.          મંદ૦
ચંદ ઝાડનાં ઝુંડ ને ધુસર આ મેદાન,
શાન્તિ આ મધરાતની, ને તમરાંનું ગાન,
ઉદાસ રંગે રંગતો ઝાંખો ચંદ્રપ્રકાશ
કુદરતના સહુ અંગમાં ભરાયભયનો, વાસ;          ચંદ્ર૦

પદ્દમા— ૨૪

લાગી લાગી લાગી લાગીરે
ધુંન મધુરી પ્યારા લાગી.

જયરાજ—હું સદ્દભાગી.

પદ્દમા—હું દિલરાગી;
રાગી રાગી પીયુ હું બની સુહાગીરે. લાગી૦
જાગી જાગી જાગી જાગીરે;
દિલ રતિની જ્યોત જાગી.

જયરાજ—પ્રેમે તાગી,
કીધ અનુરાગી.

પદ્દમા— વાગી વાગી પ્રેમની કટારી વાગીરે લાગી૦

સર્વે— ૨૫

હે વિશ્વાધાર! કીધી આ વાર કરૂણા ઘણી,
દુઃખી પદ્દમાતણી, અતિ વિપદ હણી. હે વિશ્વા૦
તુજ ગુણગણના કોણ શકે ગણી!
શેષ સહસ્ત્ર જીભે પણ હારે.
અમ પામરની શી ગતિ ત્યારે!
શરણ રાખો રાધામુકુટ મણિ

## અંક ૩ જો

ધુતારા— ૨૬

ધુતારાનો ધંધો સારો,
ફોકટ આવે પૈસો પ્યારો.
ચપલાઇ ચતુરાઈ
હરખાઈ કરોભાઈ ધુતારા૦
જોખમમાં જરાએ પડવું ના,
વાટપાડુ બનીને કદી લડવુ ના,
ઠંડે પેટે ઠગવાનો ધંધો ધારો. ધુતારા૦

ચંપા અને સખીઓ— ૨૭

"આવો વ્હાલા નંદન લાલા!
શીદ ઠગો છો ઠાલા?
પ્યાલા પ્રેમનારે, પીયો પીવરાવો હરિ."

**સાખી**

વિરહે ઘેલી રાધિકા, 'પિયું પિયું' કરે પુકાર;
શીતળ શરદની ચાંદની, ઝરે અંગ અંગાર.
"આજ દીવાળી છે વનમાળી,
અખંડ દીવડાવાળી
રજની ગાળીરે, વાટડી નિહાળી હરિ."

**સાખી**

હર્ષ હૃદયનો પલટીયો, ઝર ઝર ઝરતાં નેણ
"કાનડ કાળા કાં થયા, દયા તજી દુઃખ દેણ?"
"શું તરસાવો? શું સમજાવો?
શું જુઠ્ઠા સમ ખાઓ?
મહેર ઉર લાવોરે, આવો કે બોલાવો હરિ"

ચંપા— ૨૮

થર થર ધ્રુજે શરમે બાલા પિયુ બાંધે કરમાલા;
ચાંપી ચુમી અધર ગુલ્લાલા, ખાય પ્રેમરસ પ્યાલા
વ્હાલા હું વિરહી, એ સુખ ભોગની તરસી રહી. વ્હાલા૦

ચંપા— ૨૯

મોહન આવો મલપતા ને પોઢો પ્રેમે પલંગ
અંગ ફુલ્યાં નવરંગ અમારાં રાય રમોને રંગ
સલુણા સાહેબાજી હો,
મારે મન મોહની લાગી રાજ.

આજ ભરી ભરરંગ તમોને છાટું છબીલા છેલ.
ચઉદ બ્રહ્માંડ ચકીત બને એવા ખાતે બતાવું ખેલ  સ૦
એહુ છબી છે આપની એવી સુરજ કોટી સમાય;
પારસ પરસી કંચન થાશું હર્ષ હૈયે ન સમાય.  સ૦

ુ઼ખો— ૩૦

કેવી રૂપનો ભંડાર નાર ઝમક ભરી!
મારે કાળજે કટાર નાર ઝમક ભરી.  કેવી૦
એના લાલ લાલ ગાલ નાર ઝમક ભરી,
એની ચટકતી ચાલ નાર ઝમક ભરી,
કરે બોલતાં બેહાલ નાર ઝમક ભરી  કેવી૦
એની આંખમાં અંગાર નાર ઝમક ભરી,
મને બનાવે બિમાર નાર ઝમક ભરી,  કેવી૦
પીડા આપે પારાવાર નાર ઝમક ભરી.

ચંપા— ૩૧

રમ્ય શી ભાસે રચનારે!
શૈલે ઘેરી આ ભુમિની,
કહીં ઝળકતાંરે કહી શાં છુપતારે,
ઝરે ઝીણાં ઝરણારે,  શૈલે૦
ઝીણી ઝીણી દુર્વારે તહીં બે પરવારે
રમે ટોળે હરણારે  શૈલે૦

જયરાજ— ૩૨

ઓરી ઓરી લેલી ઓરી ઓરી લેલી.
ચંપા—તેરી તેરી લગન લાગેલી.
જયરાજ—રંભા પરી!
ચંપા—આશી કરી?
જયરાજ—ચુમી ભરી.
ચંપા—ફરી ફરી?
જયરાજ—લાયી પીવા અમી તાલાવેલી,
પાની મહેલી નવેલી વેલી  ઓર૦

પ્રા૦ પુત્ર — ૩૩

સિધાવો થાઓરે સુગિત તમોતણી;
અરે હાં હો તમોતણી. સિધાવો૦

પરગુણના પિછાન છોરે,
ધન્ય સુજાણમણિ; હો મણિતણી;
અરે હાં હો મણિતણી. સિધાવો૦

જશવંતા આજે થજોરે,
માલવ રાજવણી હો ધણીતણી;
અરે હાં હો ધણીતણી સિધાવો૦

વારાંગનાઓ— ૩૪

સઈયાંકો સમજાઉ મએ કયસે સજની?
સુની સેજ રહી રાત મોરી, નનદી! સૈયાં૦
સાંવરે પિયાકો જા સમજાવો,
દરસ દીખાવે આનરે;
જાઓ જાઓ કોઈ દેર કરો ના;
નાહીં કટત બએરન રજની સૈયાં૦

માલવરાય— ૩૫

ફરી દરશન સૃષ્ટીનું થાયે,
ભાસે સઘલું અજબ સરખું,
દિલ હરખું હરખું, ફરી નરખું નરખું,
પણ લેશ ના તૃપ્તિ પમાયે. ફરી૦

* * * *

કુશળ વૈદ્ય મુજ બાળકી અરપું;
અરપું, જીવનધન આજ સમરપું;

દરબારીઓ—શિરમણિ સમગણી ધરો મર્યાદ.
સાલવ—જોડી રૂડી તમ તણી રહો આબાદ.
દરબારી—પ્રભુ કરૂણાનો પામો પ્રસાદ.
આનદઘન છવરાયે. ફરી૦

વારાંગનાઓ— ૩૬

મીલના થા રે મિલના થા,
બંસીવાલેસે મોહે મીલનાથા.
રસકી જો બતીયાં મીલકર કહેના,
જોબનકા રસદેનાથા બંસી૦

૩૭

જયરાજ—ઓ નવેલી, અલબેલી મુકો ઠેલી પીડા પેલી,
ચાલો ચાલો ઘરપર.
હાંજી હાંજી પ્યારી મોરી, ચાલો ચાલો ઘર પર.
ચાલો ચાલો ઘરપર.

લક્ષ્મી—મોહ મેલી કીધી ઘેલી, હાંવાં રેલી મોહ હેલી.
ચાલો ચાલો નરવર.
હાંજી હાંજી પામી ગોરી, ચાલો ચાલો નરવર,
ચાલો ચાલો નરવર.

જયરાજ—હવે છોડું નહિ તુંજને પ્યારી, અહો પ્યારી.
લક્ષ્મી—દશા ખુલી કરમની તો મારી, પિયુ મારી.
જયરાજ—તું રંગીલી રંભા હું વિહારી, હું વિહારી,
લક્ષ્મી—વિશ્વ સારુ લેશું હૈયાં ઠારી હૈયાં ઠારી. ઓ નવેલી.

સર્વે ૩૮

સદાય જાગૃત રહીને, શાસન કરી સૃષ્ટીને ચલાવે જે,
નિયમ અચળ જે વિભુતી, સુખકર થાઓ સદા કૃપાનિધિ તે.

સમાપ્ત.